FILE NO.FRC/PRO./2021-22/RJT/RJT/527

DT. 19/12/2022

ફી નિયમન સમિતિ

રાજકોટ ઝોન, રાજકોટ.

24091502408

એસ. એન. કણસાગરા સ્કૂલ

યુનિવર્સિટી રોડ,

રાજકોટ – 360005

EMAIL:- finance@tges.org

# નિર્ણય

1. શાળાની ફી અંગેની દરખાસ્ત કમિટીના અધ્યક્ષશ્રી તથા સભ્યો - સંચાલક મંડળના પ્રતિનિધિ એ.ડી.પટેલ, સિવિલ એન્જિનિયર શ્રી વી.સી. પાઠક, શિક્ષણશાસ્ત્રી શ્રી એ.એ.સેતા તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી જી. બી.દેવળીયા સમક્ષ રજૂ કરવામાં આવે છે. આ હુકમ જાહેર કરવાના સમયે સમિતિના સભ્યશ્રીઓએ સહી કરેલ છે.
2. શ્રી પ્રભુદાસ વાલજીભાઇ પટેલ સ્મારક ટ્રસ્ટ સંચાલિત એસ. એન. કણસાગરા સ્કૂલ – રાજકોટમાં પ્રિ-પ્રાયમરી તથા ધો.1 થી 12 વિજ્ઞાન પ્રવાહ અંગ્રેજી માધ્યમમાં ચલાવવામાં આવે છે.
3. સદર શાળાના વર્ષ ૨૦૧૭-૧૮,૨૦૧૮-૧૯ તથા ૨૦૧૯-૨૦ નો ફી નિર્ધારણનો હુકમ પૂર્વગામી ફી નિયમન સમિતિ દ્વારા તા-૧૯/૧૨/૨૦૧૯ નારોજ કરવામાં આવે છે. જે હુકમ ને રીવીઝન એપ્લીકેશન નં ૧૩૭/૨૦૧૯-૨૦ થી ફી રીવીઝન કમીટી સમક્ષ પડકારવામાં આવેલ જેમાં તા-૧૯/૧૨/૨૦૧૯ નો પૂર્વગામી ફી નિયમન સમિતિનો હુકમ માન્ય રાખવામાં આવેલ અને રીવીઝન અરજી નામંજુર કરવામાં આવેલ તે તા-૦૨/૦૨/૨૦૨૦ ના ફી રીવીઝન સમિતિ ના હુકમને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશ્યલ એપ્લીકેશન નં.671/21 થી પડકારવામાં આવેલ. જે કામે ફી રીવીઝન સમિતિ તથા પૂર્વગામી ફી નિયમન સમિતિ નો હુકમ રદ ઠરાવી નવેસરથી તમામ ઓડીટ રીપોર્ટ ની ચકાસણી કરી સ્કુગલ ખર્ચ અંગે પણ નવેસરથી નિર્ણય કરવાનો આદેશ કરવામાં આવેલ છે. જે અન્વયે સદર દરખાસ્ત પૂન: હાથ પર લેવામાં આવેલ છે.શાળા સંચાલકશ્રી ને સાંભળેલ છે.
4. શાળાએ રજુ કરેલ સૂચિત ફી નું માળખું નીચે મુજબ છે.

| STD. | MED. | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|
| PRE-K | ENG | 1,18,580 | 1,30,400 | 1,43,400 |
| K1 | ENG | 1,18,580 | 1,30,400 | 1,43,400 |
| K2 | ENG | 1,06,480 | 1,30,400 | 1,43,400 |
| 1 | ENG | 1,06,480 | 1,17,100 | 1,43,400 |
| 2 | ENG | 1,05,150 | 1,17,100 | 1,28,800 |
| 3 | ENG | 1,01,950 | 1,17,100 | 1,28,800 |
| 4 | ENG | 99030 | 1,17,100 | 1,28,800 |

| | | | | |
|---|---|---|---|---|
| 5 | ENG | 99030 | 1,14,000 | 1,28,800 |
| 6 | ENG | 91440 | 1,14,000 | 1,25,400 |
| 7 | ENG | 91440 | 1,14,000 | 1,25,400 |
| 8 | ENG | 91440 | 1,14,000 | 1,25400 |
| 9 | ENG | 91440 | 1,08,000 | 1,25,400 |
| 10 | ENG | 89980 | 1,08,000 | 1,18,800 |
| 11 | ENG | 89980 | 1,08,000 | 1,18,800 |
| 12 | ENG | 91840 | 1,08,000 | 1,18,800 |

5. શાળાએ દરખાસ્ત સાથે શાળાને લગતી સામાન્ય માહિતી, વિદ્યાર્થી- શિક્ષકો- વર્ગો ની સંખ્યા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, નાણાકીય માહિતી વગેરે રજૂ કરેલ છે.
6. શાળાએ વર્ગ મંજુરીના હુકમો તથા વર્ષ 2019-20 તથા 2020-21 ના ઓડિટ રિપોર્ટ રજુ કરેલ છે. તથા ટ્રસ્ટનો નોંધણીનો દાખલો રજૂ કરેલ છે.
7. ઉપરોક્ત તમામ લેખિત આધારો વંચાણે લીધા.
8. શાળાએ રજુ કરેલ ઓડિટ રિપોર્ટમાં નીચેની વિગતો નોંધનીય છે.

| INCOME &EXPENDITURE | 2017-18 In lac | 2018-19 In lac | 2019-20 In lac |
|---|---|---|---|
| FEES INCOME | 4515.15 | 6608.69 | 6947.34 |
| INTREST | 29.90 | 116.60 | 99.44 |
| GRANT INCOME | - | 37.20 | 54.30 |
| MISC.FEES | 23.67 | 87.43 | 41.89 |
| MISC.INCOME | 0.61 | 3.07 | 2.26 |
| TOTAL INCOME | 4639.98 | 6883.99 | 7145.59 |
| RENT EXP | 128.48 | 237.95 | 410.49 |
| P.F.EXP | 145.59 | 176.69 | 222.06 |
| GRATUITY | 100.05 | 181.56 | 277.79 |
| FUNCTION/FESTIVAL | 90.37 | 105.24 | 124.10 |
| ACTIVITY EXP | 26.86 | 59.55 | 95.32 |
| CONTRACT EXP | 142.53 | 216.38 | 149.08 |
| STAFF WELFARE | 11.88 | 12.02 | 74.67 |
| COMPUTER PRINTER | 34.02 | 47.17 | 87.23 |
| EXAM FEES | - | - | 0.06 |
| PRINTING | 20.73 | 23.80 | 32.81 |
| I PAD LEASE | - | - | 180.46 |
| RTE STUDENT SUPPORT | - | 493.96 | 620.59 |
| STAFF SALARY | 2264.95 | 2762.70 | 3882.41 |
| STATIONERY | 16.70 | 11.65 | 14.54 |
| ZEROX | - | 13.59 | 8.80 |

| | | | |
|---|---|---|---|
| TAXES/LESS | 30.76 | 14.31 | 165.82 |
| CONSULTANCE | 44.57 | 12.07 | 6.15 |
| OTHER ITEMS | - | - | 20.95 |
| DEPRICIATION | 232.79 | 244.48 | 268.60 |
| MISC.EXP | 4.69 | 10.27 | 17.49 |
| BOOKS PERIODICAL | 2.55 | 3.95 | 6.96 |
| NOTE BOOK EXP. | 22.17 | 17.37 | 24.18 |
| SOFTWARE EXP. | 77.94 | 74.53 | 85.28 |
| TECHNOLOGY TRAINING | 26.81 | 22.29 | 21.28 |
| TAXT BOOK | 93.21 | 271.84 | 151.12 |
| REPAIRING & MANTANCE | 462.26 | 478.09 | 559.38 |
| AUDIT FEES | - | 3.25 | 4.13 |
| LEGAL EXP | - | - | 9.09 |
| RECRUITMENT EXP | - | 36.17 | 15.83 |
| FEE REMISSION EXP | - | - | 138.98 |
| INTREST EXP | 15.42 | 17.17 | 87.83 |
| DAILY WAGES | 14.39 | 30.74 | 46.17 |
| **TOTAL EXP** | 4562.99 | 6440.45 | 8670.11 |
| PROFIT/LOSS | +76.99 | +443.54 | -1524.52 |

9. શ્રી પ્રભુદાસ વાલજીભાઈ પટેલ સ્મારક ટ્રસ્ટ સંચાલિત સ્કૂલમાં પ્રી- પ્રાઇમરીથી હાયર સેકન્ડરી ના વર્ગો ચલાવવામાં આવે છે જેના એકત્રિત હિસાબો રજૂ કરેલ છે. જે ઉપર મુજબના છે.

10. ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, 2017 તેમજ તે અંતર્ગત ગુજરાત સ્વનિર્ભર શાળા ( ફિ નિયમન) નિયમો, 2017 અમલમાં આવ્યા બાદ ગુજરાત રાજ્યની તમામ શાળાઓએ ફિ નીયમન સમિતિ સમક્ષ શાળાએ જે ફી લેવા માંગતા હોય તેવી ફિની દરખાસ્ત નિયત કરેલ ફોર્મ નંબર ૨ માં નિયત કરેલ વિગતો સાથે દરખાસ્ત કરવાની જોગવાઈ કરેલ છે. તે અન્વયે શાળા દ્વારા પ્રથમ વખત દરખાસ્ત કરવામાં આવેલ છે.

11. શાળાએ રજૂ કરેલ વિગતોમાં ફોર્મ નંબર 2 માં જુદા જુદા ચાર ભાગમાં વિગતો રજૂ કરવામાં આવેલ છે, તેમાં શિક્ષણ શાસ્ત્રી શ્રી એ શિક્ષકો, વર્ગ, વિદ્યાર્થી ની સંખ્યા ,વર્ગ મંજૂરી ના હુકમ, શાળા મંજૂરીના હુકમ વિગતોની, ચાર્ટર્ડ એકાઉન્ટશ્રીએ રજુ કરેલ હિસાબોની, સિવિલ એન્જિનિયર શ્રી એ શાળામાં ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓ, શાળાના મકાનના મંજૂર થયેલા પ્લાન, ભાડાની વિગત, ભાડા કરાર વિગેરે વિગતોની તથા શાળા સંચાલક મંડળના પ્રતિનિધિશ્રીએ શાળાનુ સંચાલન કરનાર ટ્રસ્ટને લગતી વિગતોની ચકાસણી કરેલ છે.

12. શાળામાં વર્ષ 2017-18,2018-19 તથા 2019-20 માં વિદ્યાર્થીઓની સંખ્યા,શિક્ષકોની સંખ્યા,વર્ગની સંખ્યા નીચે મુજબ દર્શાવેલી છે.



OFFICE OF THE FEE REGULATORY COMMITTEE *RAJKOT ZONE*

| ધોરણ | વિદ્યાર્થીની સંખ્યા | | |
|---|---|---|---|
| | 2017-18 | 2018-19 | 2019-20 |
| PRE. PRIMARY To 1-12 | 5667 | 6179 | 6351 |

13. સમિતિ દ્વારા યુનિવર્સિટી રોડ પર કાર્યરત શાળાના સ્થળ પર નિરીક્ષણ કરવામાં આવેલ છે શાળા નીચે દર્શાવેલ જુદી જુદી બિલ્ડીંગમાં કાર્યરત છે.

એક. -. રાજ્યોગ

બે -યુનિવર્સિટી રોડ

ત્રણ -જે.એસ પ્રીમાઈસીસ જ્યોતિનગર મેઇન રોડ

ચાર. - પેરેડાઇઝ

પાંચ. - પેરેડાઇઝ સીટી, રૈયાધાર

14. શાળાએ ઉધારેલ જુદા જુદા ખર્ચની વિગતવાર ચર્ચા કરીએ તો અત્રે ની સમિતિ દ્વારા વર્ષ 21- 22 માટે સદર શાળાની રૂબરૂ મુલાકાત લઇ તમામ હિસાબોની ચકાસણી તથા શાળા સંબંધિત તમામ વિગતોની ચકાસણી કરી તેના આધારે નિર્ણય કરેલ છે તેનો પણ આધાર લેવામાં આવેલ છે.

15. સ્ટાફ સેલેરી ખર્ચ 17- 18 માં 50% જેવો ખર્ચ 18 - 19 માં 43% જેવો ખર્ચ અને 19 -20 માં 45% જેવો ખર્ચ કુલ ખર્ચ માંથી ખર્ચ કરેલ છે. શાળાના સબંધિત સમયના શૈક્ષણિક સ્ટાફ વગેરે ની સંખ્યા ધ્યાને લીધા પગાર ખર્ચ મંજુર કરવામાં આવે છે.

16. સરકાર શ્રી તરફથી મળેલ લોંગ લિઝ પર ની જમીન પર ટ્રસ્ટ દ્વારા સ્કૂલનું બાંધકામ કરવામાં આવેલ છે. જેમાં શાળા કાર્યરત છે. આ ઉપરાંત કેટલાક વિભાગો ભાડાની બિલ્ડીંગમાં કાર્યરત છે. જેના ભાડા કરાર કરવામાં આવેલ છે. જે ભાડે આપનાર ત્રાહિત વ્યક્તિઓ છે, ટ્રસ્ટ સાથે સંકળાયેલ નથી અને તેવી હકીકત દર્શાવતું સોગંદનામુ વર્ષ 21 - 22 ની રજૂ કરેલ દરખાસ્તના કામે સંસ્થા દ્વારા આપવામાં આવેલ છે. નામદાર ગુજરાત હાઇકોર્ટના સ્પેશ્યલ એપ્લીકેશન નં.૬૭૧/૨૧ ના તારીખ 22- 7- 22 ના રોજ ના ચુકાદામાં દર્શાવ્યા મુજબ ત્રાહિત વ્યક્તિની માલિકીના મકાનમાં શાળા બેસે છે તે સંજોગોમાં શાળા દ્વારા વાસ્તવમાં તે ચુકવણું કરવામાં આવેલ છે કે કેમ તેની ચકાસણી થવી જરૂરી છે. તે પ્રમાણે સમિતિ દ્વારા લેઝર જોવામાં આવેલ છે, જે તે શાળા બિલ્ડીંગના માલિકને ચેક થી ભાડા નુ પેમેન્ટ કરવામાં આવે છે, જેથી તમામ ભાડા ખર્ચ મજરે આપવામાં આવે છે.

17. પી.એફ તથા ગ્રેચ્યુઈટી પેટે દર્શાવેલ રકમ સબંધે શાળાએ રજુ કરેલ લેઝર રીપોર્ટ ચકાસતા આ તમામ રકમ બીરલા સન લાઈફ ગ્રેચ્યુલટી ફંડમાં જમાં આપેલ છે. જેથી તે તમામ રકમ મજરે આપવામાં આવે છે.

18. ફંકશન/ફેસ્ટીવલ ઉજવણી માટે દર્શાવેલ ખર્ચ સબંધે રજુઆત થયેલ છે કે શાળા જુદા-જુદા કોન્ટ્રકટર પાસેથી ફંકશન/ફેસ્ટીવલ અનુરૂપ સુવિધા મેળવે છે. અને તેનું પેમેન્ટ કરે છે. ફંકશન/ફેસ્ટીવલ



OFFICE OF THE FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE

ઉજવણી માટે કેલેન્ડર મુજબ શેડયુઅલ બનાવામાં આવે છે.. વધુમાં શાળા સંચાલકશ્રી એ રજુઆત કરેલ છે કે શાળામાં વિદ્યાર્થીઓને ભણતરની સાથે ગણતર મળે તે ઉદેશથી ઉજવણી થાય છે તેમજ વિદ્યાર્થીમાં ટાઈમ મેનેજમેન્ટ,શિસ્ત,સહકાર,ટીમ વર્ક વગેરે ગુણનો વિકાસ ધ્યાને રાખવામાં આવે છે

19. ફંકશન/ફેસ્ટીવલ લેઝર રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. મોટા ભાગની રકમનું પેમેન્ટ ચેક થી કરવામાં આવે છે.ટી.ડી.એસ કપાવામાં આવેલ છે. વધુમાં કોન્ટ્રકટરએ ટ્રસ્ટ, કોઈ પણ ટ્રસ્ટી અથવા શાળા સંચાલકશ્રી સાથે સંકળાયેલ નથી. તેવું ચકાસણીના અંતે જણાવેલ છે જેથી તે તમામ ખર્ચ મજરે આપવામાં આવે છે.

20. રીપેરીંગ નિભાવ ખર્ચ પેટે દર્શાવેલ ખર્ચ લેઝર રીપોર્ટ ચકાસતા તેમાં પ્રિન્ટીંગ,મારબલ સ્ટોન,કોલસ્ટોન પ્લમ્બીંગ કામ વગેરે ખર્ચ કરેલ છે.અને મોટા ભાગની એન્ટ્રી જોતા બેંકીગ ચેનલથી પેમેન્ટ કરેલ છે. જેથી તે મજરે આપવામાં આવે છે.

21. ઘસારા ખર્ચ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ સ્પેસ્યલ એપ્લીકેશન નં.671/21 તા ૨૨/૦૭/૨૦૨૨ ચૂકાદામાં દર્શાવેલ છે કે ઘસારો એ વાસ્તવિક ખર્ચ ગણી શકાય નહી પરંતુ તેને સરપ્લસ માં ધ્યાને લઈ શકાય જેથી આ ખર્ચ ને ફી નિર્ધારણના અંતિમ નિર્ણયમાં ધ્યાને લેવામાં આવેલ છે. એકટીવીટી ખર્ચમાં ડીજીટલ એસેસમેન્ટ વાર્ષિક લવાજમ ખર્ચ ઉપરાંત ઇકોનોમી વિકર સેકશન માટે ટ્રાન્સપોર્ટેશન ખર્ચ નો સમાવેશ થાય છે. આ તબકકે ઇકોનોમી વિકર સેકશન ખર્ચની રકમ અલગ તારવી શકાય તેમ નથી અને સમિતિ ના અભિપ્રાય મુજબ આ હેતુસર કરેલ ખર્ચ ઉમદા હેતુ થી કરવામાં આવેલ છે, પરંતુ તેના તમામ ખર્ચ અન્ય વિદ્યાર્થી પર તેનુ ભારણ ઉભુ કરી શકાય નહીં જેથી આ ખર્ચમાંથી ૧૦ ટકા ખર્ચ માટે સસ્થાને જવાબદાર ઠરાવવામાં આવે અને ૧૦ ટકા ખર્ચ અમાન્ય કરવામાં આવે છે.કોન્ટ્રાકટર ખર્ચ અંગે શાળા સંચાલકશ્રી એ રજુઆત કરેલ છે કે,તે શાળામાં કામ કરતાવર્ગ-૪ ના કર્મચારીનો ખર્ચ છે.જેમાં સીકયુરીટી, આયાબેન,ડ્રાઈવર, કંડકટર, ગાંડનીંગ,ઈલેકટ્રીક, રીપેરીંગ વગેરે ખર્ચ સમાવિષ્ટ છે આ ખર્ચ માન્ય કરવામાં આવે છે.

22. આ ઉપરાત પ્રિન્ટીંગ, ઝેરોક્ષ તથા સ્ટેશનરી ખર્ચ દર્શાવેલ છે. જે તે વર્ષ માં દર્શાવેલ વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાને લેતા મજરે આપવા પાત્ર છે. **I PAD LEASE** ખર્ચ ની રકમ વર્ષ ૨૦૧૯-૨૦ માં દર્શાવેલ છે જે અંગે શાળા સંચાલકશ્રી એ રજુઆત કરેલ છે કે વર્ષ ૨૦૧૯-૨૦ તેઓએ **I PAD** ભાડે મેળવે છે અને એટલી મોટી સંખ્યા વિદ્યાર્થીઓ માટે **I PAD** ખરીદી કરવા કરતા ભાડે મેળવવા માટે કારણ આપેલ છે કે **I PAD** ખરીદી કરવામાં આવે તો તેની પૂરી કિંમત ચૂકવ્યા બાદ પણ તેમા અપડેશન કરવા માટે નો ખર્ચ ઉભો રહે આ ઉપરાંત ભાડા ખર્ચ માં તેઓને સોફ્ટવેર,પ્રોગ્રામિંગ,રિપ્લેસમેન્ટ, રીપેરીંગ, મેઈન્ટેનન્સ,અપડેશન વગેરેનો પણ સમાવેશ થાય છે તેમજ ત્રણ વર્ષ બાદ અપગ્રેડ મોડેલ રિપ્લેસ કરી તેઓને નવી ટેકનોલોજીવાળો પીસ આપવામાં



OFFICE OF THE FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE

આવે છે. જેથી સરવાળે **I PAD** ભાડે લેવાથી ૨૫ ટકા જેટલો ખર્ચ ઓછો થાય છે આ રજૂઆત ધ્યાને લેતા **I PAD** લગત ખર્ચ મજરે આપવામાં આવે છે.

23. ટેકસ/કર પેટે દર્શાવેલ ખર્ચ ના લેઝર એકાઉન્ટ રજુ કરવામાં આવેલ છે. જે ચકાસતા ટેકસની ચૂકવણી કરવામાં આવેલ છે. જેથી તે મજરે આપવામાં આવે છે. લીગલ ખર્ચ પેટે વર્ષ ૨૦૧૯-૨૦માં ૦.૦૯ લાખ દર્શાવેલ છે તે એફ.આર.સી હુકમ ના લીટીગેશન માં કરેલ ખર્ચ ની રકમ છે જે માન્ય રાખવામાં આવતી નથી. આ ઉપરાત જુદા-જુદા ખર્ચને મજરે આપવાનું સમિતિએ ચર્ચાના અંતે ઉચિત માનેલ છે. જેથી તે તમામ ખર્ચ મજરે આપવામાં આવે છે. આમ શાળાના જુદા-જુદા વર્ષના ઓડિટ રીપોર્ટ પમાણે દર્શાવેલ કુલ ખર્ચમાંથી અમાન્ય ખર્ચ બાદ કરતા માન્ય ખર્ચ આધારીત વર્ષ ૨૦૧૭-૧૮ ની ફી નીચે મુજબ મંજુર કરવામાં આવે છે. તેમજ તેમાં વર્ષ૨૦૧૮-૧૯,૨૦૧૯-૨૦ માં વ્યાજબી વધારો પર્યાપ્ત ફંડની જરૂરીયાત ધ્યાને લેતા નીચે મુજબ ફી મંજુર કરવામાં આવે છે.

| STD. | MED. | APPROVED BY FRC 2017-18 | APPROVED BY FRC 2018-19 | APPROVED BY FRC 2019-20 |
|---|---|---|---|---|
| PRE-K | ENG | 1,15,000 | 1,25,000 | 1,35,000 |
| K1 | ENG | 1,15,000 | 1,25,000 | 1,35,000 |
| K2 | ENG | 1,05,000 | 1,25,000 | 1,35,000 |
| 1 | ENG | 1,05,000 | 1,15,000 | 1,35,000 |
| 2 | ENG | 1,00,000 | 1,15,000 | 1,25,000 |
| 3 | ENG | 1,00,000 | 1,15,000 | 1,25,000 |
| 4 | ENG | 97000 | 1,12,100 | 1,25,000 |
| 5 | ENG | 97000 | 1,08,900 | 1,25,000 |
| 6 | ENG | 90000 | 1,08,900 | 1,22,000 |
| 7 | ENG | 90000 | 1,00,600 | 1,22,000 |
| 8 | ENG | 90000 | 1,00,600 | 1,22,000 |
| 9 | ENG | 90000 | 1,00,600 | 1,22,000 |
| 10 | ENG | 89000 | 1,02,000 | 1,02,000 |
| 11 | ENG | 89000 | 1,02,000 | 1,02,000 |
| 12 | ENG | 91840 | 1,08,000 | 1,08,000 |

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE

24. ઘણા લાંબા સમયે વર્ષ ૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ ની ફી અંગે હુકમ કરવામાં હોઈ શાળાએ સુનાવણી દરમ્યાન વિદ્યાર્થી/વાલીઓ નાં હિતમાં ૨૦૧૭-૧૮,૨૦૧૮-૧૯,૨૦૧૯-૨૦ ની જે ફી મંજુર કરવામાં આવશે તેમાં વધુ લીધેલ ફી કે ઓછી લીધેલ ફી સરભર કરવામાં આવશે પરંતુ વિદ્યાર્થી પાસે રીકવર કરવામાં આવશે નહીં તેવી શાળા દ્વારા બાહેંધરી અપાયેલ છે.

24. શાળાએ હુકમમાં દર્શાવ્યા મુજબ નિયત કરેલ ફી લીધી છે, તે સબબનુ એફિડેવિટ દિન 30 માં લગત કચેરી મારફતે અત્રે રજુ કરવાનું રહેશે. તેમજ વધુ વસુલેલ ફી જે વિદ્યાર્થીઓનો અભ્યાસ આગળના વર્ષે ચાલુ રહેલ હોય તેની વસૂલ, મળવાપાત્ર ફી ની સામે મજરે આપેલ છે અને જે વિદ્યાર્થી શાળા છોડી

ગયેલ છે તે વિદ્યાર્થી/વાલીને બેન્કિંગ ચેનલથી વધુ વસૂલેલી ફી રિફંડ કરેલ છે તે સબબનુ સોગંદનામું આ હુકમ મળે તેનાં દિન – 30 માં રજુ કરવાનું રહેશે .

ઉપર મુજબની ફી મજરે આપવાના કિસ્સામાં ક્યા વર્ષ ની વસુલવા પાત્ર ફીની સામે કેટલી રકમ મજરે આપી તે અને શાળા છોડી ગયાનાં કિસ્સામાં રિફંડપાત્ર રકમ, ચેક/ આર.ટી.જી.એસ./ ડી. ડી. નંબર, રકમ બેંકમાંથી ઉપાડ્યાની તારીખ આ તમામ વિગતો દરેક વિદ્યાર્થી ના નામ જોગ સી.એ.સર્ટિફાઇડ સ્ટેટમેન્ટ ના સ્વરૂપે રજૂ કરવાની રહેશે અને આ સંપૂર્ણ રકમ ત્યાર પછીના વર્ષના હિસાબોમાં વસૂલી ફી રિફંડ ખાતુ એવા હેડમાં અલગથી દર્શાવવાનું રહેશે.

આગામી વર્ષમાં આ કચેરીમાં રજૂ કરતી વખતે ઉપર મુજબનું સોગંદનામું અને સી.એ. નું સર્ટીફીકેટ અચૂક રજૂ કરવાનું રહેશે .

25. અત્રેની સમિતિ દ્વારા નિર્ધારિત કરેલ સદર ફી ની વિગતો શાળા દ્વારા ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ એમ બંને ભાષામાં નોટિસ બોર્ડ તથા શાળાના વેબસાઇટ પર પ્રદર્શિત કરવાની રહેશે.

26. અત્રેની ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરેલ ફી કરતા વધુ ફી શાળાએ મેળવેલ હોય તે વિદ્યાર્થી અથવા તેના વાલીને દિન 30 માં પરત આપવાની અથવા સરભર કરવાની રહેશે.

27. શાળા એક સાથે માત્ર એક ત્રિમાસિક ફી લઇ શકશે તેનાથી વધુ ફી લેવામાં આવશે તો સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ - 2017ની જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

28. નિયત કરેલ ફી સંબંધે સ્પષ્ટતા કરવાની કે આ ફી નામદાર સુપ્રીમ કોર્ટના હુકમને આધિન રહેશે..

29. આ હુકમ થી જો તમે નારાજ હોય તો હુકમ મળ્યાના દિવસ 21 માં ફી રિવિઝન કમિટી (રાજ્યકક્ષા), બ્લોક 1, વિંગ બી-1, છઠ્ઠો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – 10એ ગાંધીનગર ખાતે ફોર્મ નં. 5માં જરૂરી આધારો સાથે રૂ. 10000 પ્રોસેસ ફી ભર્યાનું અસલ ચલણ જોડી રિવિઝન કરી શકાશે.

SD/-
અધ્યક્ષ
ફી નિયમન સમિતિ રાજકોટ ઝોન,રાજકોટ.
( નિવૃત જિલ્લા ન્યાયધીશ)

ખરી નકલ (હુકમથી)

(વી.જે.બાબરીયા)
ફરજ પરના અધિકારી
ફી નિયમન સમિતિ રાજકોટ ઝોન,રાજકોટ.

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE